**નામ :–હીરાલાલ ગુલાબરાય મનસુખાની**
**ધંધો :– વેપાર**
**ઉ.વ. :– ૪૮**
**રહેવાસી :– સીંધીસોસાયટી ,દાહોદ તા.જી.દાહોદ**

**બચાવપક્ષ તર્ફે સાહેદ નં.૧તરીકે આરોપી હીરાલાલ ગુલાબરાય મનસુખાનીની આંક–૩૩ની સોગંધ ઉપર સર તપાસ બચાવ પક્ષે વિ.વ.શ્રી ડી.એચ.મેઘવાણી સોગંધ આપ્યા**

**(૧)** હુ ફરીયાદીને ઓળખુ છુ. સને ૨૦૨૦ફેબ્રુઆરીથી માર્ચ ૨૦૨૨સુધી કમલેશભાઈ હીરાલાલ સાથે વ્યવહાર થયેલ છે. તે દરમ્યાન મે તેમની પાસે ફેબ્રુઆરી–૨૦૨૦મા માસીક પાંચ ટકા લેખે ચાર લાખ રુપીયા છ માસ માટે લીધા હતા. જે એમણે એડવાન્સ વ્યાજ પાંચ ટકા કાપીને રકમ આપેલ રુપીયા ચાર લાખમાથી પાંચ ટકા વ્યાજ લેખે માસીક વીસ હજાર લેખે એક લાખ વીસ હજાર કાપીને બે લાખ એસી હજાર આપ્યા હતા જે રોજના તેવીસો લેખે એમને જયારે સમય મળતો હતો ત્યારે પાંચ દીવસે સાત દીવસે કોઈવાર બે દીવસે મારા ઘરે આવીને કમલેશભાઈ હીરાલાલ માળી પોતે ઘરે આવીને લઈ જતા હતા અને એમને આપેલ ડાયરીમા એન્ટ્રી કરતા હતા આ રકમ માટે તેમણે મારી પાસે સીકયોરીટી પેટે મારી સહીવાળો કોરો ચેક લીધેલ હતો જે રકમ મે છ માસમા તા. ૪/૮/૨૦મા ચુકવી આપેલ ફરી બીજીવાર તારીખ ૬/૯/૨૧ ફરી પાંચ લાખ રુપીયા લીધા હતા જેમા અગાઉ આપેલ ચેક સીકયોરીટી પેટે રાખી લીધેલ હતો જે માસીક પાંચ ટકા લ ેખે પચ્ચીસ હજાર લેખે છ માસના એક લાખ પચ્ચાસ હજાર પાંચ લાખમાથી એક લાખ પચ્ચાસ હજાર એડવાન્સ વ્યાજ કાપીને ત્રણ લાખ પચ્ચાસ હજાર આ પ્યા હતા જે મે રોજના અઠઠાવીસો લેખે તા. ૪/૩/૨૨ સુધી ચુકતે કરી આપેલ. જે ચોપડીઓ છે આ જ છે અહી અમારો વ્યવહાર પુરો થઈ ગયેલ હુ નામદાર કોર્ટના રેકર્ડ માથી નીશાની ૧૭/૧ જોઈને જણાવુ છુ કે જે બુકમા પૈસામા મળ્યા બદલની સોર્ટ સહી કરતા હતા અને કમલેશભાઈ પોતે ઘરે આવીને આવુ કરતા હતા તથા નીશાની ૧૭/૨ જોઈને જણાવુ છુ કે જે ડાયરી કમલેશભાઈ માળીએ આપેલી તેમનો બીજો માણસ પ્રકાશભાઈ માળી ઘરે આવતો હતો અને પૈસા લઈ જઈ સહી કરતો હતો નીશાની ૧૭/૧ રજુ દાખલ **આંક–૩૪** નીશાની ૧૭/૨ રજુ દાખલ **આંક–૩૫** તે રકમ મે છ માસમા ચુકવી આપેલ પછી વ્યવહાર પુરો થઈ જતા મે તેમના પાસે જે સીકયોરીટી પેટે સહી કરેલો કોરો ચેક આપેલ તે પરત માંગેલ તેમણે જવાબમા કહેલ કે લોકરમા મુકાય ગયેલ છે જે હમણા મળી આવતો નથી જયારે મળશે ત્યારે પરત કરી આપીશ પછી બહુ સમય થઈ ગયેલ ચેક મને ન મળતા મે ફરીથી ચેકની માંગણી કરેલી તેમણે જવાબમા કહેલ કે ચેકનો અમે નાશ કરી નાખેલ છે તમે શાંતી રાખો તેનો મીસયુઝ નહી થાય જે પાછળથી લગભગ બે વર્ષ પછી એમણે પોતાની રીતે રકમ ભરીને બેન્કમા બાઉન્સ કરાવ્યો અને તે અંગે બેન્કથી મને ફોન આવેલો કે તમારા ખાતામા પાંચ લાખનો ચેક લાગેલ છે મે તેમને કીધુ મે આવો ચેક તેમને આપેલ નથી એટલે મહેરબાની કરીને એ ચેક કલીયર કરતા નહી અને તે ચેક પરત મોકલી આપવા વીનંતી કરી પછી અર્બન બેન્કે આઈડીબીઆઈ બેન્કે ચેક પરત કરી આપેલ. મારો વ્યવહાર એમની જોડે ફેબુંઆરી–૨૦૨૦થી માર્ચ ૨૦૨૨ સુધી થયેલ છે તેના પછી મારો કોઈપણ વ્યવહાર તેમની સાથે થયેલ નથી. મારો ચેક મે સીકયોરીટી પેટે આપેલ હતો કોઈ જવાબદારી પેટે આપેલ નથી સને ૨૦૨૩મા મને કોઈ રુપીયા આપેલ નથી કે કોઈ પણ જાતનો વ્યવહાર થયેલ નથી.

**ફરીયાદપક્ષ તર્ફે બચાવપક્ષના સાહેદ નં.૧તરીકે આરોપી હીરાલાલ ગુલાબરાય મનસુખાનીની આંક–૩૩ની સોગંધ ઉપરની સરતપાસ લગત ઉલટ તપાસ ફરીયાદ પક્ષે વિ.વ.શ્રી ડી.એસ.કાપડીયા**

(૧) હુ ૧૯૯૬થી શાકભાજીનો વેપાર ધંધો કરુ છુ. એ વાત ખરી છે કે, કોઈપણ ધંધા અંગે તેનુ લાઈસન્સ લેવુ જરુરી છે. એ વાત ખરી છે કે, ધંધાના હીસાબ કીતાબના આવક જાવકના ચોપડા રાખવા જરુરી છે. મે સને ૨૦૨૦થી સને ૨૦૨૫ સુધીના મારા હીસાબ કીતાબના ચોપડા રાખેલ છે. શાકભાજીના વેપાર સીવાય મારે કોઈ અન્ય વેપાર ધંધો નથી. મારા શાકભાજીના ધંધામા મારી માસીક આવક નકકી નથી. મહીને ઓછામા ઓછી પચ્ચાસ હજાર અને વધુમા વધુ લાખ રુપીયા સુધીની આવક થાય. એ વાત ખરી છે કે, આ મારા ધંધાના હીસાબના ચોપડા મારી પાસે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે શેષ ભર્યા પછી અમે તે ચોપડાઓ રાખી મુકતા નથી પરંતુ જો મને મળીઆવશે તો હુ રજુ રાખીશ. મારી એક દીકરી છે અને મારી દીકરી રશીયામા એમબીબીએસનો અભ્યાસ કરે છે. મારી દીકરીના અભ્યાસના ખર્ચમા મારી દીકરી અભ્યાસમા તેજસ્વી હોવાથી તેને સ્કોલરશીપ મળે છે અને તેના માર્ક મુજબ અમારે વધતી ઓછી ફી ભરવી પડે છે. મારી દીકરીના અભ્યાસના ખર્ચ પેટે વર્ષમા વધુમા વધુ ત્રણ લાખ અને એછામા ઓછા દોઢથી બે લાખ જેટલો ખર્ચ થાય છે. મારી દીકરી રશીયામા ત્રણ વર્ષ થયા છે અને તે અગાઉ એક વર્ષ યુક્રેનમા હતી. હા મે મારી દીકરીના અભ્યાસના ખર્ચની રકમ બેન્ક મારફતે ટ્રાન્સફર કરેલ છે. હુ મારી દીકરીના ખર્ચ પેટે આપેલ રકમના આધાર પુરાવા રજુ રાખી શકુ તેમ છુ. હુ મારી શાકભાજીની વાર્ષીક આવકનુ ઈન્કમટેકસ રીર્ટન ભરુ છુ મારી વાર્ષીક આવક નીશ્ચીત નથી. એ વાતની મને ખબર નથી કે ઈન્કમટેકસ રીર્ટનમા આવક જાવક અને લીધેલ રકમની વીગત દર્શાવવી પડે. એ વાત ખરી છે કે, ઈન્કમટેકસ રીર્ટન ફાઈલ કરાવવા સીએ પાસે જઉ છુ ત્યારે મારા આવક જાવકના ચોપડા અને મારા બેન્ક ખાતાના ઉતારા લઈને જઉ છુ. એ વાતની મને ખબર નથી કે સીએ મારા આવક જાવકના અને બેન્ક ખાતાના ઉતારાના આધારે ઈન્કમટેકસ રીર્ટન ભરે છે.

સવાલ :– તમે ઈન્કમટેકસ રીર્ટનમા જેની પાસેથી નાણા લીધા હોય તે રકમ તથા પરત આપી દીધેલ રકમ દર્શાવો છો?

જવાબ :– મે ૨૦૨૦ થી ૨૦૨૨ દરમ્યાન તેમની સાથે વ્યવહાર કર્યો ત્યારે તેમની પાસે ધંધાનુ લાઈસન્સ ન હતુ જેથી એમણે મને આ નાણા જે હુ આપુ છુ એ હુ ઘરેથી આવીને લઈશ દુકાને આવીને લઈશ નહી કેમકે હુ જાહેરમા આવવા માગતો નથી મારુ લાઈસન્સ પ્રોસેસમા છે જયારે આવી જશે ત્યારે મને તમે દુકાનથી પૈસા આપજો અને ચોપડામા એન્ટ્રી કરજો તેવુ જણાવેલ એટલે તે ઘરે આવીને પૈસા લેતા હતા માટે મારી પાસે તેમની ચોપડી સીવાય મે કોઈ ચોપડામા એન્ટ્રી કરેલ નથી.

સવાલ :– તમે ઈન્કમટેકસ રીર્ટનમા વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૨ની લેવડ દેવડનો વ્યવહાર બતાવેલ નથી?

જવાબ :– મે આ વ્યવહાર જ બતાવેલ નથી.

સવાલ :– નાંણા ઉધાર લેવાના અને ચેક આપવાના તમારી સામે ચેક અનાદરના કેટલા કેસ થયા છે?

જવાબ :– છ કેસ થયા છે તેમાથી ત્રણ કેસમા મને નીદોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ થયેલ છે ત્રણ કેસો ચાલે છે.

બે કેસમા એક જ ફરીયાદી છે બાકીના ચાર કેસમા અલગ ફરીયાદી છે. મને એ વાતની ખબર નથી કે, મારી સામે છ કેસ સને ૨૦૨૧,સને ૨૦૨૨, અને સને ૨૦૨૩ના વર્ષમા થયેલા છે. એ વાત ખરી નથી કે, મે હાલના ફરીયાદી સીવાય અન્ય છ અલગ વ્યકતીઓ પાસેથી પણ નાણા ઉછીના લીધેલ છે. એ વાત ખરી છે કે, ફોજદારી કેસ નં. ૫૨૫૯/૨૧ મુતૃજાભાઈ ફીરોજભાઈ બોરકીએ મારી સામે કરેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે કેસમા મને કોર્ટે નીદોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

સવાલ :– ફોજદારી કેસ નં. ૫૨૫૯/૨૧ની હવે પછીની મુદત તા. ૧૫/૪/૨૫ છે?

જવાબ :– તારીખ તો સાચી છે.

હુ મારા ધંધાના સને ૨૦૨૦થી સને ૨૦૨૫ સુધીના ચોપડા મારી પાસે હશે તો હુ કોર્ટમા રજુ કરીશ. હુ એકલો જ વેપાર કરતો હોવાથી મારા ઘર ખર્ચ લાઈટબીલ,કરીયાણા કે અન્ય ખર્ચ હુ લખતો નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, હુ શાકભાજીનો ધંધો કરુ છુ તથા મારી પત્ની ટ્યુશન કલાસ ચલાવે છે અને અમારા બન્નેની આવક બાબતે અને ખર્ચ બાબતે અમારે સ્વતંત્ર હોય અમારે કોઈને જવાબ આપવાનો ન હોવાથી ઘર ખર્ચની વીગતો ચોપડામા લખતા નથી. અમારે મહીને પતિ પત્નીનો દશથી પંદર હજાર ખર્ચ થાય છે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમારા વડીલો પાર્જીત માલીકીનુ ઘર છે અને મારી દીકરીનો અલગ ખર્ચ થાય છે. મારી પત્નીનુ નામ મમતાબેન મુરલીમનોહર શર્મા છે મારા પત્ની એમએબીએડ ઈગ્લીશનુ કવોલીફીકેશન ધરાવે છે. એ વાત ખરી છે કે, ટ્યુશન કલાસ ચલાવવા માટે પણ મંજુરી અને લાઈસન્સ લેવાનુ હોય છે. હુ ટ્યુશન કલાસ ચલાવવા માટેની મંજુરીનો દસ્તાવેજી પુરાવો રજુ કરવા ખુશી છુ. મને એ વાતની ખબર નથી કે મારી પત્નીના ટ્યુશન કલાસમા કેટલા વીર્ધાથીઓ આવે છે. એ વાતની મને ખબર નથી કે મારી પત્નીની ટ્યુશન કલાસની આવક કેટલી છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ટ્યુશન કલાસમા બાળકો વધતા ઘટતા રહે છે જેથી મને આવકની માહીતી નથી. એ વાત ખરી છે કે, પત્નીની સારી આવક હોય તો ઈન્કમટેકસ ભરે. મારી પત્ની બે વર્ષથી ઈન્કમટેકસ રીર્ટન ભરે છે. હુ મારી પત્નીના ઈન્કમટેકસ રીર્ટન રજુ કરવા ખુશી છુ. મારી પત્ની હાલમા જીમ જતા નથી. એ વાત ખરી છે કે, આંક–૮વાળો ચેક મારી આઈડીબીઆઈ બેન્કના ખાતાનો છે. એ વાત ખરી છે કે, તે ચેકમા મારી સહી છે.

સવાલ :– ચેક રજુ થયાની તારીખે તમારા બેન્ક ખાતામા રુપીયા પાંચલાખનુ બેલેન્સ ન હતુ?

જવાબ :– મે સીકયોરીટી પેટે આપેલ કોરો ચેક સહી કરીને આપેલો હોવાથી રકમની મને ખબર ન હોય જેથી મારા બેન્ક ખાતામા બેલેન્સ રાખવાની જરુર રહેલ નહી.

હુ મારા ધંધાના હીસાબના ચોપડાઓ તથા ઈન્કમટેકસ રીર્ટન તેમજ મારી દીકરીના અભ્યાસ ખર્ચના આધારો રજુ કરવા ખુશી છુ.

આ તબકકે સદર દસ્તાવેજી પુરાવા રજુ થયેથી વધુ ઉલટ તપાસ માટે મુલત્વી.

તા. ૨૦/૩/૨૦૨૫ મારી રૂબરૂ

દાહોદ

(એન.જી.સુરતી)
એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ દાહોદ

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી અને કબુલ રાખેલ છે.

(એન.જી.સુરતી)
એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ દાહોદ